**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

નં. જોડાણ/ ૫/ ૧૭ /૨૦૨૦ તા. ૦૪/૦૫/૨૦૨૦

**સંદર્ભઃ**– ૧) કેન્દ્ર સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૧/૦૫/૨૦૨૦ના આદેશ ક્રમાંક: 40-3/2020-DM-1(A)
૨) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૫/૨૦૨૦ના પત્ર ક્રમાંક:કરન–૧૨૨૦૨૦–૧૭૦૪૨૦૨૦/ખ–૨

**પરિપત્રઃ–**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.

કેન્દ્ર સરકારશ્રીના સંદર્ભ–૧ પરના આદેશ અન્વયે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ની જોગવાઈઓ ધ્યાને લઈ તથા તે પરત્વે સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ–૨ પરના પત્ર મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થાઓ કે જે "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન" વિસ્તારોમાં આવેલી છે તેવી શૈક્ષણિક સંસ્થાઓ તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી સંપૂર્ણ પણે બંધ રાખવાની રહેશે તેમજ "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન" વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે / બોલાવવાના રહેશે નહિ, આ સૂચનાઓ જ્યાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપર્યુકત બાબતે સરકારશ્રી તરફથી વખતો વખત જે કંઈ સૂચનાઓ આપવામાં આવશે તે બંધનકર્તા રહેશે.

કુલસચિવ

**બિડાણઃ**
સંદર્ભ–૧ અને ૨ની નકલ

**પ્રતિ,**
૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
૨) માન્ય સંસ્થાઓના વડાઓ

**નકલ સાદર રવાનાઃ–**
૧) માન. કુલપતિશ્રી/માન. ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨) ઉપસચિવશ્રી,શિક્ષણ વિભાગ,બ્લોક નં.૫, સચિવાલય,ગાંધીનગર
૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૧૨, બીજો માળ, ગાંધીનગર

**નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થેઃ**
ડાયરેકટરશ્રી, કોમ્પ્યૂટર સેન્ટર

અગત્યનું

ક્રમાંકઃ કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૨૦

પ્રતિ,
વાઇસ ચાન્સેલરશ્રી,
તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ

વિષયઃ – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપયુર્કત વિષય પરત્વેના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેયર્સ, નવી દિલ્હીના તા.૦૧/૦૫/૨૦૨૦ ના ઓર્ડર ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી છે.

૨. ઉક્ત ઓર્ડર અન્વયે નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે લેવાના થતાં નિવારાત્મક પગલાંના ભાગરૂપે લોકડાઉનને તા.૦૪/૦૫/૨૦૨૦ થી ૦૨(બે) અઠવાડિયા માટે લંબાવવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન જે તે સત્તામંડળ દ્વારા નિયત કરાયેલ "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન"માં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણપણે બંધ રાખવાની રહેશે. વધુમાં "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન" વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે/બોલાવવાના રહેશે નહિ આ સૂચનાઓ જયાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં "રેડ ઝોન અને ઓરેન્જ ઝોન" હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ
(પકેશ ઠાકોર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણઃ ઉપર મુજબ

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે રવાનાઃ-

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૨/- તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજોને(સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી) જાણ કરવા સારૂ.

**No. 40-3/2020-DM-I(A)**
**Government of India**
**Ministry of Home Affairs**

North Block, New Delhi-110001
Dated 1st May, 2020

## ORDER

Whereas under directions of the National Disaster Management Authority (NDMA), guidelines on lockdown measures to contain the spread of COVID-19 in all parts of the country were issued vide Order of even number dated 24.03.2020 under the Disaster Management Act 2005 for a period of 21 days with effect from 25.03.2020. Under further directions of NDMA, the lockdown period was extended upto 03.05.2020 vide Order of even number dated 14.04.2020 and consolidated revised guidelines were issued vide Order of even number dated 15.04.2020;

Whereas in exercise of the powers under section 6(2)(i) of the Disaster Management Act, 2005, NDMA has issued an Order number 1-29/2020-PP dated 01.05.2020 directing the Chairperson, NEC that lockdown measures be continued to be implemented in all parts of the Country, for a further period of two weeks with effect from 04.05.2020;

Whereas under directions of the aforesaid Order of NDMA dated 01.05.2020, and in exercise of the powers, conferred under Section 10(2)(l) of the Disaster Management Act, 2005, the undersigned, in his capacity as Chairperson, NEC, hereby issues directions to all the Ministries/ Departments of Government of India, State/Union Territory Governments and State/Union Territory Authorities that the lockdown period is extended for a further period of two weeks with effect from 04.05.2020;

Whereas, in exercise of the powers, conferred under Section 10(2)(l) of the Disaster Management Act, 2005, the undersigned, in his capacity as Chairperson, NEC, hereby issues new guidelines on lockdown measures, as annexed, which will come into effect from 04.05.2020 for a period of two weeks, for strict implementation.

1/5/2020
Union Home Secretary

To:
1. The Secretaries of Ministries/ Departments of Government of India
2. The Chief Secretaries/Administrators of States/Union Territories
   (As per list attached)

Copy to:
i. All members of the National Executive Committee.
ii. Member Secretary, National Disaster Management Authority.